# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૬-A તા. ૨૯-૦૭-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ:-

વિષય:- તા.૩૧-૦૭-૨૦૨૨ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી/શિક્ષક પ્રમાણ અનુલક્ષીને શિક્ષક સેટઅપ રજીસ્ટર તૈયાર કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૬૮૯૨-૯૮ તા.૨૮-૦૭-૨૦૨૨

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક/મુખ્ય શિક્ષકનું મહેકમ વિદ્યાર્થી સંખ્યા આધારે ચાલુ વર્ષે તા.૩૧-૦૭-૨૦૨૨ની સ્થિતિએ તૈયાર કરવાનું થતું સેટ-અપ ઓનલાઇન Child Tracking Portalમાં ઉપલબ્ધ ડેટા અનુસાર પ્રા.શિ.નિ કચેરી દ્વારા તૈયાર કરવામાં આવનાર છે. તો આપની કક્ષાએથી વિદ્યાર્થી-શિક્ષકોને લગતી સંદર્ભિત પત્રમાં જણાવેલ વિગતો બિનચૂક રીતે તા.૩૧-૦૭-૨૦૨૨ સુધીમાં ઓનલાઇન અપડેટ કરવા જણાવવામાં આવે છે. સદર વિગતોમાં કોઇપણ જાતની કચાસ રહેશે તો આપની જવાબદારી નક્કી કરવામાં આવશે.

બિડાણ: સંદર્ભિત પત્ર

તા. ૨૯-૦૭-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

BY-Mail

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/2022/૬૪૫૨-૧૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૨૪/07/2022

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- તા.31/07/2022 ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષક પ્રમાણને અનુલક્ષીને શિક્ષક સેટ-અપ રજીસ્ટર તૈયાર કરવા બાબત.

સંદર્ભઃ- (1) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/112012/621065/ક (પાર્ટ-1) તા.1/4/22
(2) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ પીઆરઈ/112022/સી.ફા.12/ક તા.22/7/22

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનુ કે, શિક્ષણ વિભાગના સંદર્ભ-1 ના ઠરાવના પ્રકરણ-C (1) ની જોગવાઈ મુજબ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક/મુખ્ય શિક્ષકનું મહેકમ વિદ્યાર્થી સંખ્યા આધારિત દર વર્ષે 30 મી જૂનની સ્થિતિએ મંજૂર કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીને કારણે એપ્રિલ માસથી શૈક્ષણિક સત્ર શરૂ કરી શકાયેલ ન હોઈ ચાલુ વર્ષે તા.31/07/2022 ની સ્થિતિએ મહેકમ મંજૂર કરવા શિક્ષણ વિભાગના સંદર્ભ-2 ના પત્રથી મંજૂરી આપેલ છે. જેની જાણ આપને કરવામાં આવેલ છે.

પ્રાથમિક શિક્ષકોના બંને સંગઠનના હોદ્દેદારો સાથે થયેલ ચર્ચા અનુસાર ચાલુ વર્ષે તા.31/07/2022 ની સ્થિતિએ તૈયાર કરવાનુ થતુ સેટ-અપ ઓનલાઈન Child Tracking Portal માં ઉપલબ્ધ ડેટા અનુસાર અત્રેથી જ તૈયાર કરવામાં આવનાર છે. તો આપના જિલ્લા/નગર શિક્ષણ સમિતિના વિદ્યાર્થી-શિક્ષકોને લગતી નીચે મુજબની વિગતો તા.31/07/2022 સુધીમાં ઓનલાઈન અપડેટ કરવા આથી સૂચના આપવામાં આવે છે.

1. નવા પ્રવેશ મેળવેલ બાળકોની વિગતો.
2. અન્ય શાળામાંથી આવેલ તમામ વિદ્યાર્થીઓની વિગતો.
3. વધ-ઘટ કેમ્પ, વિકલ્પ કેમ્પ અને અરસ-પરસ બદલી થયેલ શિક્ષકોની વિગતો.
4. તા.31/05/2022 ની સ્થિતિએ નિવૃત્ત થયેલ શિક્ષકોની વિગતો.
5. સ્વૈચ્છિક નિવૃત્તિ અને અવસાનને કારણે ખાલી પડેલ જગ્યાઓની વિગતો.

D:\Parthiv Raval\Letter's\2022\Letter 2022.docx 226

Scanned with CamScanner

ઉપર મુજબની વિગતો સિવાયની અન્ય કોઈ માહિતીમાં વધ-ઘટ થયેલ હોય તો તે તમામ વિગતો ઓનલાઈન Child Tracking Portal, SAS Portal અને Teacher Portal પર તા.31/07/2022 સુધીમાં અચૂક અપડેટ કરવાની રહેશે. તા.31/07/2022 પછી કોઈ ફેરફાર સેટ-અપ રજીસ્ટર માટે ધ્યાને લેવામાં આવશે નહિં. જેની ખાસ નોંધ લેશો.

(ડૉ.એસ.પી.ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

નકલ રવાના:-

- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, 'ચાણક્ય' ગુ.રા.પ્રા.શિ.સંઘ શૈક્ષણિક સંશોધન કેન્દ્ર, સેક્ટર-13, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ-ગુજરાત, મુ.પો.વડગામ, જિ.બનાસકાંઠા
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક સંઘ, 17, અભય શોપિંગ સેન્ટર, ડી.એસ.પી. બંગલો સામે, જામનગર.

D:\Parthiv Raval\Letter's\2022\Letter 2022.docx 227

Scanned with CamScanner